[Mantras written by The Mother (the first two) and by Sri Aurobindo (the third one)]

21.12.72

blessings

Om

namo
bhagavate
Sri Aravinda Saya---

ॐ आनन्दमयि चैतन्यमयि सत्यमयि परमे
Om anandamayi chaitanyamayi
satyamayi parame

Sri Aurobindo

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● March 2022
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2022
MARCH
૧ માર્ચ, ૨૦૨૨

– Towards A New World –
– એક નવી સૃષ્ટિ પ્રતિ –

Life is meant for
seeking the Divine
Life is realised when
finding the Divine.

Life is meant for seeking the Divine,
Life is realised when finding the Divine.

[February 1971: The Mother gave this special message for *Prosperity*]

જીવન છે પ્રભુને શોધવા માટે,
જીવનની સિદ્ધિ બને છે પ્રભુ મળે છે ત્યારે.

[ફેબ્રુઆરી ૧૯૭૧ : સિદ્ધિ-રિદ્ધિ માટે શ્રી માતાજીએ આપેલો ખાસ સંદેશ]

- શ્રી માતાજી

We are all born in this world to work here. Work we must. None can live without any work. But work for what, for whom? Is it solely for ourselves? Is it for 'me' only? We work all along the present life and die, to be born again to work with a different 'me', so it cannot be for this 'me' or that 'me'. [P. 1]

... ...

It is true that whatever you might be doing, it is the Mother's work and not your own, because you had been predestined to do that particular work, you had been chosen for it. The Mother says that for each separate person a separate work has been set apart, and that work only he or she can do and no other. All works have been allotted to all persons from above.

Don't think that the Mother's work means something special, apart from the work that we do in ordinary life. Don't think that you will have to abandon these ordinary activities in order to be a proper instrument for some kind of real work for the Mother, that there must be something superior than all this. It is not so. If you think a little deeply you will find that every work that you do can be and is really the Mother's work.

You might say that you are engrossed in your routine work ostensibly for the maintenance of your family, so how can that be taken as the Mother's work? But your family also is the Mother's work? But your family also is the Mother's, they are necessary to continue the race so that the process of evolution can proceed through generations, and you have been given charge to maintain them. So it is also the Mother's work after all. If you take up this attitude, then all those tiring thoughts that you have been bound down by iron chains to the family and have to toil hard just to feed these people, etc., all that will vanish. You will know and feel that you are doing everything as part of the Mother's Service. [P. 8 - 10]

... ...

'Jai Ma' – from the book - The Mother
'On The Mother Divine' by Pashupati.

આ જગતમાં આપણે બધાંએ જન્મ લીધો છે જગતમાં કાર્ય કરવા માટે. કોઈપણ વ્યક્તિ કાર્ય કર્યા વિના રહી શકતી નથી. પરંતુ પ્રશ્નો ઉદ્ભવે છે: આ કાર્યો શાના માટે? કોના માટે? શું તે ફક્ત આપણી જાત માટે – શું તે આપણા 'હું' માટે જ છે? જીવનભર આપણે કાર્ય કરીએ છીએ અને મૃત્યુ પામીએ છીએ. ફરી જન્મ ધારણ કરીએ છીએ અને જૂદા 'હું' સ્વરૂપે કાર્યનો આરંભ કરીએ છીએ. પરંતુ કાર્ય ન તો આ 'હું' માટે હોય છે કે પેલા 'હું' માટે. [પૃ. ૧]

... ...

વાસ્તવિકતા એ છે કે તમે જે કંઈ કરો છો તે ખરેખર તો શ્રીમાનું જ કાર્ય હોય છે નહિ કે તમારું પોતાનું. કારણ કે, આ ખાસ કાર્ય માટે જ તમને અગાઉથી પસંદ કરવામાં આવેલ હોય છે. શ્રીમા કહે છે કે દરેક વ્યક્તિ માટે અલગ અલગ કાર્ય અનામત રાખવામાં આવેલ હોય છે અને તે જ વ્યક્તિ તે કરી શકે, બીજી કોઈ નહિ. દરેક કાર્યો ઊર્ધ્વથી જ દરેક વ્યક્તિ માટે નક્કી કરેલ હોય છે.

એવું ન વિચારશો કે શ્રીમાનું કાર્ય એ રોજબરોજનાં સામાન્ય કાર્યો કરતાં ખાસ કાંઈ જુદું હશે. એવું પણ ન વિચારશો કે શ્રી માતાજીના યોગ્ય કરણ બની કાર્ય કરવા માટે આ બધી રોજબરોજની સામાન્ય પ્રવૃત્તિઓને ત્યજી દેવાની છે અને કે શ્રીમાનું કાર્ય એ દૈનિક સામાન્ય પ્રવૃત્તિઓ સિવાય કોઈ અતિશય મહત્ત્વના જુદા પ્રકારનું કાર્ય હશે. એવું કશું જ હોતું નથી. જો તમે થોડા વધારે ઊંડાણથી વિચાર કરશો તો જણાશે કે તમે જે કાંઈ પણ પ્રવૃત્તિ કરતા હો તે સર્વ કાર્યો ખરેખર તો શ્રી માતાજીનાં જ કાર્યો હોય છે.

તમે એવી દલીલ કરશો કે અમે જે દૈનિક સામાન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહીએ છીએ તે દેખીતી રીતે જ પોતાના કુટુંબના નિર્વાહ અર્થે જ હોય છે, તો તેવાં કાર્યોને કઈ રીતે શ્રી માતાજીના કાર્ય તરીકે માની શકાય? પરંતુ તમારું કુટુંબ પણ શ્રી માતાજીનું જ છે. આ કુટુંબો પણ જરૂરી છે કે જેથી ઉત્ક્રાંતિની પ્રક્રિયા પેઢીથી પેઢી ચાલુ રહે. તમને તે કુટુંબને નિભાવવાની જવાબદારી સોંપવામાં આવી હોય છે. એટલે છેવટે તો તે પણ શ્રી માતાજીનું કાર્ય થયું ગણાય. જો તમે આ પ્રકારનું સકારાત્મક સાચું વલણ સ્વીકારશો તો પછી કુટુંબ સાથેનો તમારો નાતો લોહ-જંજીરોની જાળ બની રહેતો નથી અને કુટુંબના ભરણ-પોષણ માટે તમારે સખત પરિશ્રમ કરવો પડે છે એવા થકવી નાખનાર નકારાત્મક વિચારો તમારામાંથી અદ્રશ્ય થઇ જશે. તમને એવું ભાન થશે અને અનુભવાશે કે તમે જે કાંઈ પણ કરો છો એ બધું જ શ્રી માતાજીની સેવાના એક ભાગ રૂપે જ કરી રહ્યા છો. [પૃ. ૧૦ - ૧૨]

... ...

'જય મા' – શ્રીપશુપતિના મૂળ અંગ્રેજી પુસ્તક 'દિવ્ય માતાજી વિષે' માંથી. વલસાડના શ્રી મનુભાઈ જે. દેસાઈ નો અનુવાદ. - શ્રી માતાજી